સમા વિસ્તારમાં સિનીયર સીટીઝન દંપતીને બંધક બનાવી લૂંટને અંજામ આપ્યો હતો

# ચાકુની અણીએ લુંટ કરનાર ત્રિપુટી ઝડપાઈ

## વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ઝડપી કામગીરી, 3 આરોપી ઝડપાયા, 14.93 લાખનો મુદ્દામાલ કબજે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરા શહેરના સમા વિસ્તારમા બપોરના સમયે સિનીયર સીટીઝન દંપતીને તેમના જ મકાનમાં બંધક બનાવી ચપ્પુની અણીએ લુંટ ચલાવનાર ગેંગનો ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના સમયમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડયા છે. પોલીસે લૂંટારુઓ પાસેથી સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ સહિત લાખો રૂપિયા 14.93 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



સમા વિસ્તારમાં આવેલી સંતોષીનગર સોસાયટીમાં ગત 27 એપ્રિલના રોજ બપોરના સમયે ફતેગંજ વિસ્તારમાં રહેતા વૃદ્ધ દંપતીના મકાનમાં બે અજાણ્યા લૂંટારાઓ ઘુસી આવ્યા હતા. ત્યારબાદ તમે મતદાન કર્યું છે કે નહીં" તેમ કહી દંપતીને ચપ્પુ બતાવી ધમકાવી બંધક બનાવી દીધા હતા અને પત્નીના ગળામાંથી સોનાની ચેઈન, હાથની બંગડીઓ, વીંટીઓ તેમજ પતિની વીંટીઓ સહિત આશરે 10 તોલા સોનાના દાગીના, રોકડ રૂપિયા અને મોબાઈલ ફોન મળી અંદાજે રૂ.87 હજારની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા શહેર પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચે અલગ અલગ ટીમો બનાવીને ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે બલકારસિંહ હરભજનસિંહ અને બલવીંદર સંધુને છાણી કેનાલ પાસેથી ઝડપી પાડ્યા હતા. તેમની પૂછપરછમાં મુખ્ય સૂત્રધાર મુદસીરઅહેમદ ઉર્ફે વાહિદ મીરનું નામ સામે આવતા તેને પણ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે ત્રિપુટીની પૂછપરછ કરતા તેઓએ કબુલાત કરી હતી કે અગાઉથી દંપતીના મકાનની રેકી કરી હતી. દંપતી એકલા રહેતા હોવાની અને તેમની પાસે નાણાં હોવાની માહિતીના આધારે લુંટની યોજના બનાવી હતી.

બનાવના દિવસે બલવીંદર મોપેડ સાથે બહાર નજર રાખતો હતો. જ્યારે મુદસીર અને બલકારસિંહ મકાનમાં પ્રવેશ કરી લુંટને અંજામ આપ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી સોનાના દાગીના, મોબાઈલ ફોન, રોકડ અને ગુનામાં વપરાયેલી મોપેડ સહિત રૂ.14.93 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ માટે ફતેગંજ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

વીજ મીટરોમાં શોર્ટ સર્કિટથી ઈલેક્ટ્રીક પેનલમાં આગ,આઠમા માળ સુધી પ્રસરી

# L&T સામે વીઆર-ઈમ્પિરીયામાં ભીષણ આગ, 18 વાહનો સળગ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરા શહેરમાં ગરમીના પ્રમાણમાં વધારો થતા આગ લાગવાના બનાવવાનો સિલસિલો પણ યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે, વહેલી સવારે નેશનલ હાઈવે ઉપર એલ એન્ડ ટી કંપની સામે આવેલા વીઆર ઈમ્પિરીયા એપાર્ટમેન્ટના વીજ મીટરમાં શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી ઉઠી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ઈલેક્ટ્રીક પેનલમાં આગ ટોપ ફ્લોરથી લઈને આઠમા માળ સુધી પ્રસરી હતી. જ્યારે એપાર્ટમેન્ટની નીચે પાર્કિંગ કરેલા આશરે 18 જેટલા મોપેડ બાઈક સહિતના વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. એક તબક્કે આગની આ ઘટનામાં રહીશોના જીવ પડીકે બંધાયા હતા. વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર 48 ઉપર આવેલ એલ એન્ડ ટી કંપનીની સામે વીઆરવન એપાર્ટમેન્ટમાં વહેલી સવારે આગ લાગવાની ઘટનાથી રહીશોમાં ભારે ભયનો માહોલ છવાઈ ગયો હતો. એપાર્ટમેન્ટના વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. જો જોતામાં આગે પ્રચંડ સ્વરૂપ ધારણ કરતા એપાર્ટમેન્ટની આખી ઈલેક્ટ્રીક પેનલ સળગી હતી અને આગ આઠમા માળ સુધી ફેલાઈ ગઈ હતી. તાત્કાલિક એપાર્ટમેન્ટમાં રહેતા રહીશો નીચે દોડી આવ્યા હતા ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલા પરંતુ 18 જેટલા વાહનો આગની લપેટમાં બળીને ખાક થઈ ગયા હતા.



સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, સવારે આશરે સવા ચાર વાગે ફાયર કંટ્રોલ રૂમમાંથી અમને કોલ મળતા પાણીગેટ ફાયર સ્ટેશન અને ઈ.આર.સી ફાયર સ્ટેશનનો સ્ટાફ અને ગાજરાવાડી સહિત ત્રણ ફાયર સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યા હતા. આગ ખૂબ જ પ્રચંડ હતી. વીજ મીટર બોક્સમાંથી શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી.

નાનાં બાળકો સાથે પ્રવાસ કરતાં પરિવારો માટે ઘણું કષ્ટદાયક

# રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર સુવિધા વધારવા DRMને રજૂઆત કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

પશ્ચિમ રેલવેના ડીઆરયુસીસીના સભ્ય મોહમ્મદ સભ્યે ડિવિઝનલ રેલવે મેનેજરને રજૂઆત કરી વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ પર શૌચાલય તથા યુરિનલ સુવિધા વધારવા માટે તાત્કાલિક પગલાં લેવા માંગણી કરી છે. વડોદરાએ એક અત્યંત મહત્વનું અને વ્યસ્ત સ્ટેશન છે. જ્યાં 24 કલાક ટ્રેનો અને મુસાફરોની અવરજવર રહે છે. પરંતુ હાલમાં પ્લેટફોર્મ પર શૌચાલય સુવિધા અસંતુલિત હોવાના કારણે મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે. પ્લેટફોર્મ નં.2 અને 3 પર શૌચાલય સુવિધા માત્ર અમદાવાદ છેડે ઉપલબ્ધ છે, જ્યારે મુંબઈ સુરત છેડે કોઈ સુવિધા નથી. પ્લેટફોર્મ નં.4 અને 5 પર સુવિધા માત્ર સુરત છેડે છે, જ્યારે અમદાવાદ છેડે મુસાફરો આ સુવિધાથી વંચિત છે. પ્લેટફોર્મ ઘણા લાંબા હોવાથી એક છેડેથી બીજા છેડે જવું વૃદ્ધ મુસાફરો, મહિલાઓ અને નાનાં બાળકો સાથે પ્રવાસ કરતાં પરિવારો માટે ઘણું કષ્ટદાયક બની જાય છે. ટ્રેન આવવાના સમયે ઉતાવળ હોવાના કારણે પ્લેટફોર્મના બીજા છેડે સુધી જવું વ્યવહારિક રીતે શક્ય બનતું નથી. પ્લેટફોર્મ 2-3ના મુંબઈ છેડે નવા યુરિનલ અને શૌચાલય બ્લોકનું તાત્કાલિક નિર્માણ કરવામાં આવે. પ્લેટફોર્મ 4-5ના અમદાવાદ છેડે પણ નવી શૌચાલય સુવિધા ઊભી કરવામાં આવે.



ટીમલી રાયકા પાસે 20 પશુઓને બચાવાયા

# દિલ્હી મુંબઈ હાઈવે પરથી ફરી પશુ તસ્કરી ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

શહેર નજીક દિલ્હી-મુંબઈ હાઈવે પર રાયકા ટોલનાકા પાસેથી ગૌરક્ષકોની ટીમે બે ટ્રકમાંથી કતલખાને લઈ જવાતા પશુઓને બચાવી ભાદરવા પોલીસને સોંપ્યા હતા. 20 પશુઓ પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં રહેતા પ્રિતેશભાઈ પ્રવિણભાઈ પરમાર ગૌરક્ષક તરીકે સેવા આપે છે. તેમને મળી હતી કે દિલ્હી-મુંબઈ હાઈવે પર રાયકા ગામના ટોલનાકા પાસેથી બે ટ્રકોમાં પશુઓ ક્રૂર રીતે ભરીને લઈ જવાઈ રહ્યા છે. જેથી પ્રિતેશભાઈ અને તેમના સાથીઓ સ્થળ પર પહોંચી તપાસ કરતા એક ટ્રકમાં 9 પશુઓ તથા બીજી ટ્રકમા 9 મોટા અને 2 નાના બચ્ચા મળી 20 પશુઓ મળી આવ્યા હતા. આ ટ્રકમાં પણ કોઈ પરમીટ કે જરૂરી સુવિધાઓ નહોતી. આ ટ્રકના ડ્રાઈવર યાકુબભા બચુ સીપાહી (ખેરાલુ, મહેસાણા) અને કંડક્ટર આદીલ હાજી સિંધી હોવાનું જાણવા મળ્યું હતું. બન્ને ટ્રકોમાં ભેંસોને ગીચોગીચ રીતે ભરવામાં આવી હતી. જેથી એકબીજાની ચામડી ઘસાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પશુઓને પાણી કે ચારા વગર લઈ જવાતા હોવાથી તેમના પર ક્રૂરતા થતી હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે તરત જ 112 હેલ્પલાઈન પર જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તમામ પશુઓ તથા ટ્રકોને કબજે લઈને ભાદરવા પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા.

18 મોટા પશુ, 2 બચ્ચા અને બે ટ્રકો મળી રૂ. 23.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે શંભુજી વણવિરજી ઠાકોર, ટ્રાફિક રિઝવાન ગાઝી, યાકુ બચું સિપાહી અને આદિલ હાજી સિંધી ની ધરપકડ કરી છે.

નાયરા પેટ્રોલ પંપ પાસે સર્જાયેલી જોરદાર ટક્કર

# છાણીમાં બે બાઈક વચ્ચે કાળમુખો અકસ્માત: સો-મીલ માલિકનું મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

શહેરના છાણી વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. નાયરા પેટ્રોલ પંપની સામે બે મોટરસાયકલ વચ્ચે જોરદાર ટક્કર થતા એક વૃદ્ધનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સ્થાનિક વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. મળતી માહિતી મુજબ, છાણી વિસ્તારમાં આવેલ નાયરા પેટ્રોલ પંપની સામે બે બાઈક સવારો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવાર વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને મૃતકના સંબંધીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ માથામાં થયેલી ગંભીર ઈજાઓને કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. મૃતકની ઓળખ મગનભાઈ નારાયણભાઈ પટેલ (ઉંમર આશરે 68 વર્ષ) તરીકે થઈ છે. તેઓ છાણી વિસ્તારના રહેવાસી હતા અને છાણીમાં જ લાકડાની સો-મીલ ધરાવતા હતા. મૃતકના સંબંધીએ જણાવ્યું હતું કે,



અકસ્માતની જાણ થતા જ તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં મગનભાઈ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. બે બાઈક વચ્ચે અકસ્માત કયા કારણોસર સર્જાયો અને કોની બેદરકારી હતી તે અંગે પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. છાણીના જાણીતા વેપારીનું અકસ્માતમાં મોત થતા પરિવારજનોમાં ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે.

લોહી લુહાણ હાલતમાં સારવાર માટે યુવકને ખસેડાયો

# તાંદલજામાં જૂના ઝઘડાની અદાવતે યુવાન પર હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં જૂની અદાવતને કારણે એક યુવાન પર છરીથી હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં યુવકને માથામાં ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને 3 ટાંકા મારવામાં આવ્યા હતા. યુવકે ફરિયાદ નોંધાતા પોલીસે હુમલાખોર સામે કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સન ફાર્મા રોડ વિસ્તારમાં રહેતો અને ઈજનેરીનો અભ્યાસ કરતો 21 વર્ષીય યુવાન તા. 27 એપ્રિલની સાંજે પોતાના મિત્ર સાથે તાંદલજાના ખુલ્લા મેદાનમાં ગયો હતો. ત્યાં અગાઉથી હાજર કેટલાક ઓળખીતાઓ સાથે જૂના ઝઘડાને લઈને બોલાચાલી શરૂ થઈ હતી. વાતચીત થોડા જ સમયમાં ઉગ્ર બની જતા આરોપીઓએ ગાળો આપી યુવક સાથે છૂટા હાથની મારામારી શરૂ કરી હતી. આ સમયે સ્થિતિ વધુ બગડી હતી અને એક આરોપીએ પોતાના કમરેથી છરી જેવુ હથિયાર કાઢી હુમલો કરવાનો શરૂ કર્યો હતો. દરમિયાન યુવક પોતાને બચાવવાનો પ્રયાસ કરતો હતો તેમ છતાં તેના માથાના ભાગે છરી વાગી જતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. આ હિંસક હુમલા બાદ તમામ આરોપીઓએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. આ ઈજાગ્રસ્ત યુવકને મિત્ર દ્વારા તાત્કાલિક સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે તાત્કાલિક ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરે તેને ત્રણ ટાંકા મારી સારવાર આપી હતી. આ બનાવ અંગે જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

# ગોત્રીની હોસ્ટેલમાં પાણી સમજીને યુવાન ફિનાઈલ પી ગયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

અમરેલી જિલ્લાના વતની અને હાલ ગોત્રી વિસ્તારની છત્રપતિ હોસ્ટેલમાં રહેતા 25 વર્ષીય રાકેશ ભુપતભાઈ મોરી સાથે આ દુર્ઘટના ઘટી હતી. આજે વહેલી સવારે લગભગ 4:30 વાગ્યાના અરસામાં રાકેશ પોતાની રૂમમાં નિદ્રામાં હતા. દરમિયાન તરસ લાગતા તેમણે અંધારામાં પોતાની પાસે રાખેલી પાણીની બોટલ સમજીને બાજુમાં પડેલી ફિનાઈલની બોટલ ઉઠાવી લીધી હતી. અર્ધજાગ્રત અવસ્થામાં રાકેશે હોશ-હવાસ વગર જ ફિનાઈલના એક-બે ઘૂંટડા ગળે ઉતારી દીધા હતા. ફિનાઈલ ગળામાં ઉતરતા જ તેની તીવ્ર અસર શરૂ થઈ ગઈ હતી અને તરત જ તેમને ઉલટી થવા લાગી હતી. રાકેશની તબિયત એકાએક લથડતા હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો જ્યાં તબીયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

વોલ્ટેજ વધઘટ થતા વીજ ઉપકરણોને નુકસાન ,તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ

# છાણીની સોસાયટીમાં વીજ ધાંધિયાથી વીજ ઓફિસે હોબાળો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરા શહેરના છાણી વિસ્તારની મારુતિનંદન સોસાયટીમાં છેલ્લા ઘણા દિવસથી વારંવાર લાઈટો ગૂલ થવી અને વોલ્ટેજમાં વધઘટ થતાં વીજ ઉપકરણો અને વાયરીંગ બળી જવા સહિતની સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આકરી ગરમી વચ્ચે લાઈટની સમસ્યાથી કંટાળીને રહીશોએ વીજ કંપનીની ઓફિસે ભારે સૂત્રોચ્ચાર સાથે હોબાળો મચાવ્યો હતો.



છાણી વિસ્તારની મારુતિનંદન સોસાયટીના રહીશોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 15 દિવસથી અવારનવાર લાઈટો જતી હોવાથી અને વોલ્ટેજમાં સતત વધઘટ થવાના કારણે ફ્રિજ, ટીવી, એસી જેવા મોંઘા વીજ ઉપકરણોને નુકસાન થયું છે. અનેક ઘરોમાં વાયરીંગ પણ બળી ગયાની ઘટના બની છે. ગરમીના દિવસોમાં વારંવાર લાઈટ જતી હોવાથી બાળકો, વૃદ્ધો અને બીમાર લોકો સૌથી વધુ હેરાન થઈ રહ્યા છે. જો આગામી દિવસોમાં આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ગ્રાહક કોર્ટમાં ફરિયાદ સહિત આરટીઆઈ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. લાઈટ બિલ પાંચ દિવસ મોડું ભરવામાં આવે તો વીજ કંપની દ્વારા તુરંત કનેક્શન કાપી નાખવામાં આવે છે, પરંતુ સુવિધા આપવામાં કંપની નિષ્ફળ ગઈ છે. સોસાયટીમાં બનાવાયેલી કમિટીમાં પણ કેટલાક સરકારી બાબુઓ હોવાથી દાદાગીરી પણ અવારનવાર થયા કરે છે. સ્થાનિક લોકોએ બીજા કચેરીએ જતા ઓફિસના પંખાઓ ચાલુ હતા પરંતુ ફરજ પર કોઈ કર્મી જણાયા ન હતા તેવો આક્ષેપ પણ કર્યો છે. લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી આ સમસ્યાનો કોઈ નિવેડો આવ્યો નથી. વીજ કચેરીના ફોન પણ સતત વ્યસ્ત હોવાના આક્ષેપો લોકોએ કર્યા હતા.

અમૃત ભારત સ્ટેશનોએ ભારતીય રેલ્વેનો ચહેરો બદલી નાખ્યો

# માળખાગત સુવિધાઓના કામો દ્વારા ટ્રેનની ગતિમાં વધારો થયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેના સક્ષમ માર્ગદર્શન હેઠળ, વડોદરા ડિવિઝનએ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન એન્જિનિયરિંગ, ટ્રેક જાળવણી, માળખાગત સુવિધાઓ મજબૂતીકરણ અને મુસાફરોની સુવિધાઓમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વડોદરા ડિવિઝન પર પાંચ સ્ટેશનોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ડિવિઝન દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યોથી રેલ કામગીરીની સલામતી અને વિશ્વસનીયતામાં વધારો થયો છે, પરંતુ મુસાફરોને સુધારેલી અને આધુનિક સુવિધાઓ પણ મળી છે. સિનિયર ડિવિઝનલ એન્જિનિયર સુમિત ઠાકુરે માહિતી આપી હતી કે 22 મે, 2025 ના રોજ પ્રધાનમંત્રીએ 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 86 જિલ્લાઓમાં 1,100 કરોડથી વધુના ખર્ચે 103 અમૃત ભારત સ્ટેશનોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. વડોદરા ડિવિઝનના પાંચ સ્ટેશનો, જેમ કે ઉત્રાણ, કોસંબા, ડેરોલ, ડાકોર અને કરમસદનો સમાવેશ થાય છે. આ સ્ટેશનો ભવ્ય પ્રવેશદ્વારો, આકર્ષક રવેશ, હાઈ-માસ્ટ લાઈટિંગ, આધુનિક વેઈટિંગ રૂમ, ટિકિટ કાઉન્ટર, આધુનિક શૌચાલય અને દિવ્યાંગો માટે સુલભ રેમ્પ સાથે વિકસાવવામાં આવ્યા છે. પ્રતાપનગર અને ગોધરા સ્ટેશનો પણ અમૃત ભારત દરજ્જા માટે તૈયાર છે. 2025-26 માં, વડોદરા ડિવિઝન પર પાંચ રોડ ઓવરબ્રિજ અને ત્રણ રોડ અંડરબ્રિજ બનાવવામાં આવ્યા હતા, જેમાં સલામતી વધારવા માટે લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવ્યા હતા. વડોદરા ડિવિઝનએ રેલ્વે માળખાને મજબૂત બનાવવામાં અને સલામત, ઝડપી અને આરામદાયક રેલ સેવાઓ પૂરી પાડવામાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

સાઇનબોર્ડ કે ચેતવણીના બોર્ડ ન મૂકાતા અકસ્માત સર્જાયો

# મકરપુરા GIDC રોડની અધૂરી કામગીરીથી કાર ડિવાઈડર પર ચઢી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરા શહેરના મકરપુરા જીઆઈડીસી રોડ પર તંત્રની અધૂરી કામગીરીને કારણે અકસ્માતની ઘટના બની હતી. મુખ્ય રસ્તો નહિ દેખાવાના કારણે એક કાર અચાનક ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

વડોદરા શહેરના મકરપુરા જ્યુપીટર ચાર રસ્તાના ડાબી બાજુ જીઆઈડીસી તરફ જતા રસ્તા પર આ બનાવ બન્યો હતો. જ્યાં અધૂરા ડિવાઈડર અને રોડના કારણે ચાલક અસમજમાં મુકાઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ નથી થઈ, પરંતુ કારને ભારે નુકસાન થયું છે. કારચાલક જુપિટર ચાર રસ્તા પાસેથી જીઆઈડીસી તરફ જઈ રહ્યો હતો. ચાલકે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા અધૂરી કામગીરી કરવામાં આવી છે. મને ખબર જ નહોતી કે આગળ ડિવાઈડર છે કે નહીં. રોડ પણ અધૂરો છે અને ડિવાઈડર પર કોઈ સાઈનબોર્ડ કે ચેતવણી બોર્ડ પણ નથી. આના કારણે હું અસમંજસમાં મુકાઈ ગયો અને કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. બનાવને લઈ સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં આ બાબતે નારાજગી ફેલાઈ હતી. આવી અધૂરી કામગીરીઓને કારણે લોકોને મુશ્કેલી પડે છે અને જોખમ ઉભું થયું છે. જીઆઈડીસી રોડ પર અવારનવાર આવા અકસ્માતો બને છે. કારણ કે તંત્ર દ્વારા કોઈ સાઈનબોર્ડ કે ચેતવણીના બોર્ડ લગાવવામાં આવ્યા નથી. રોડ અને ડિવાઈડરની કામગીરી પૂર્ણ થયેલી નથી, જેના કારણે ચાલકો અજાણતા જોખમમાં મુકાય છે.



વડોદરાના ખલીપુરની L&T કોલોનીમાં કરુણ બનાવ

# યુવાનનો ફાંસો ખાઈ આપઘાત, પરિવારમાં શોકની લાગણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.29

વડોદરા તાલુકાના ખલીપુર ગામે આવેલી એલ એન્ડ ટી કોલોનીમાં ગઈકાલે મોડી રાત્રે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. 19 વર્ષના યુવાને અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી મુજબ, ખલીપુર ગામની એલ એન્ડ ટી કોલોનીમાં રહેતો 19 વર્ષીય અજીજ ઉરરહેમાન શેખ ગઈકાલે રાત્રિના સુમારે પોતાના ઘરે હતો. રાત્રે 11:00 વાગ્યા બાદ કોઈ કારણોસર તેણે આવેશમાં આવી જઈને ઘરના સીલિંગ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ કરુણ ઘટનાની જાણ તેના પરિવારજનોને તત્કાલ થઈ શકી નહોતી. આજે સવારના સુમારે જ્યારે મૃતકનો ભાઈ સલાઉદ્દીન ઘરે પહોંચ્યો, ત્યારે તેણે પોતાના ભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોયો હતો. પોતાના ભાઈને આ હાલતમાં જોઈને તે સ્તબ્ધ થઈ ગયો હતો. બાદમાં સલાઉદ્દીને તાત્કાલિક અટલાદરા પોલીસ મથકે આ અંગે જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ અટલાદરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે. હાલમાં, આટલી નાની ઉંમરે યુવાને આટલું મોટું પગલું કેમ ભર્યું તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. યુવાનના આત્મહત્યા કરવા પાછળનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પોલીસના જણાવ્યા અનુસાર પરિવારના સભ્યો અને આસપાસના લોકોના નિવેદનો બાદ સત્ય બહાર આવશે. આ બનાવને પગલે ખલીપુર ગામમાં અને યુવાનના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ટ્રાફિકના ચક્કાજામ અને અકસ્માતમાંથી શહેરને મુક્તિ અપાવવા તંત્રની કાર્યવાહી

# 30 મીટરનો નિયમ તોડનારાઓ સામે કડક કાર્યવાહી શરૂ કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.29

વડોદરા શહેરના મુખ્ય માર્ગો પર વધતી જતી ટ્રાફિકની સમસ્યા અને અવારનવાર થતા અકસ્માતોને રોકવા માટે તંત્ર દ્વારા કડક હાથે કામગીરી શરૂ કરવામાં આવી છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા તમામ ચાર રસ્તા અને જંક્શનોની આસપાસના 30 મીટરના વિસ્તારમાં જાહેરનામાનો ભંગ કરીને અડિંગો જમાવી બેઠેલા ગેરકાયદે દબાણકર્તાઓ સામે પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. તાજેતરમાં હાથ ધરવામાં આવેલી આ ઝુંબેશમાં અનેક લારી-ગલ્લા અને પથરાવાળાઓનો સફાયો કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, શહેરના ટ્રાફિક જંકશનો પર વાહનોની અવરજવરમાં અવરોધ ઉભો કરતા લારી-ગલ્લા અને ગેરકાયદે પાર્કિંગના કારણે જનતાને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે શહેર પોલીસ કમિશનર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામા મુજબ, કોઈપણ જંક્શન કે ચાર રસ્તાની 30 મીટરની ત્રિજ્યામાં વાહન પાર્કિંગ કરવા કે ગેરકાયદે દબાણ કરવા પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ આદેશનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને ટ્રાફિકના ભારણને હળવું કરવાનો છે.



આ જાહેરનામાના અમલીકરણ માટે પાલિકા તંત્રની દબાણ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો. ખાસ કરીને ખાણી-પીણીની લારીઓ, ચાની કીટલીઓ અને ગલ્લાવાળાઓ જે રસ્તાના વળાંક પર અડિંગો જમાવીને અકસ્માતોને નોતરી રહ્યા હતા, તેમને સ્થળ પરથી ખસેડી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા માત્ર દબાણો હટાવીને સંતોષ માનવામાં આવ્યો નથી, પરંતુ તમામ દબાણકર્તાઓને કડક શબ્દોમાં ચીમકી પણ આપવામાં આવી છે કે જો ભવિષ્યમાં ફરીવાર આ પ્રતિબંધિત વિસ્તારોમાં દબાણ કરવામાં આવશે, તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.